## નવાપુરા પ્રાથમિક શાળા



### નવાપુરા (ઉંદેલ) તા. ખંભાત જિઃ આણંદ

# સમાનાર્થી શબ્દપોથી


**સંકલન**

**રાજેશ પટેલ**

મદદનીશ શિક્ષક

નવાપુરા પ્રાથમિક શાળા

તા. ખંભાત જિલ્લો: આણંદ

| | |
|---|---|
| આંખ | ચક્ષુ, લોચન, નયન, નેણ, નેત્ર, નેન |
| અવાજ | રવ, ધ્વનિ, નિનાદ, શોર, ઘોંઘાટ, ઘોષ, સ્વર, બૂમ, કલરવ, કલ્લોલ, શબ્દ, સૂર, કંઠ, નાદ |
| આકાશ | વ્યોમ, નભ, અંબર, આભ, ગગન, અંતરિક્ષ, અવકાશ, આસમાન, ફલક, ખ |
| રાત | રાત્રિ, નિશા, યામિની, વિભાવરી, નિશીથ, રજની |
| દરિયો | સમુદ્ર, રત્નાકર, સમંદર, મહેરામણ, જલધિ, સિંધુ |
| નસીબ | ભાગ્ય, કર્મ, કિસ્મત, ઈકબાલ, નિયતિ, વિધાતા, પ્રારબ્ધ, તકદીર, દૈવ |
| સુવાસ | પમરાટ, મહેક, પરિમલ, સૌરભ, મઘમઘાટ, ખુશ્બૂ, વાસ, સુગંધ, ફોરમ |
| ધરતી | પૃથ્વી, વસુંધરા, વસુધા, અવનિ, ધરા, ભોંય, જમીન, ભોમકા, ધરણી, ભૂપૃષ્ઠ, ભૂતળ, ભૂમિ, ઈલા |
| સૂરજ | રવિ, સૂર્ય, આદિત્ય, સવિતા, ભાસ્કર, દિવાકર, ભાનુ, મિહિર, દિનકર, આફતાબ, દિનેશ |

| | |
|---|---|
| કમળ | પંકજ, પદ્મ, અરવિંદ, નલિન, અંબુજ, જલજ, સરોજ, રાજીવ, પોયણું, અબજ |
| માણસ | માનવ, મનુજ, મનેખ, જન, માનુષ, ઈન્સાન, મનુષ્ય, માનવી |
| પાણી | જલ, સલિલ, ઉદક, પય, વારિ, અંબુ, નીર, આબ, તોય |
| દુનિયા | સૃષ્ટિ, જગ, જગત, વિશ્વ, સંસાર, લોક, આલમ, બ્રહ્માંડ, ભુવન |
| દિવસ | દહાડો, દિન, દિ, વાસર |
| શાળા | નિશાળ, વિદ્યાલય, વિદ્યામંદિર, જ્ઞાનમંદિર, વિદ્યાપીઠ, જ્ઞાનપીઠ, પાઠશાળા |
| ઘર | ગૃહ, આવાસ, મકાન, સદન, નિકેતન, નિલય, રહેઠાણ, નિવાસસ્થાન, ખોરડું, કુટિર, ઝૂંપડી, મઢી, ભવન, ગઢી |
| પર્વત | પહાડ, ગિરિ, નગ, ડુંગર |
| ઘાસ | તણખલું, કડબ, ચારો, તૃણ, ખડ, ચાર, ચારો |

| | |
|---|---|
| વરસાદ | વૃષ્ટિ, મેઘ, મેહ, મેહુલો, મેવલો, મેવલિયો, પર્જન્ય |
| કોયલ | કોકિલા, કોકિલ, કાદંબરી |
| શ્રીકૃષ્ણ | ગોવિંદ, નંદલાલ, વાસુદેવ, બંસીધર, ગોપાલ, માધવ, ગિરિધર, શ્યામ, કેશવ, મોરલીધર, કાનુડો, નટવર, કાનજી |
| ભય | બીક, ડર, ખતરો, ભીતિ, દહેશત, ભો, ગભરાટ |
| ભૂલ | અપરાધ, વાંક, ગફલત, કસૂર, ક્ષતિ, ખામી, ચૂક, ગોટાળો, છબરડો, દોષ, ત્રુટી |
| ગરદન | ગળું, ડોક, બોચી, ગળચી, કંઠ |
| ધન | મિલકત, દ્રવ્ય, અર્થ, પૈસા, દોલત, મિરાત |
| ખેડૂત | કિસાન, કૃષિકાર, કૃષક, કૃષિક |
| બળદ | આખલો, પોઠિયો, વૃષભ, નંદી |

| | |
|---|---|
| જંગલ | વન, વગડો, અરણ્ય, રાન, ઝાડી, વનરાઈ |
| સહેલી | સખી, બહેનપણી, સહિયર |
| પક્ષી | પંખી, વિહંગ, અંડજ, શકુનિ, ખગ |
| મુસાફર | પથિક, પંથી, રાહદારી, વટેમાર્ગુ, પ્રવાસી, સફરી |
| પ્રવીણ | કાબેલ, હોશિયાર, ચાલાક, પંડિત, ચકોર, પારંગત, ચતુર, કુશળ, પાવરધો, ખબરદાર |
| બગીચો | વાટિકા, વાડી, ઉદ્યાન, ફૂલવાડી, ગુલિસ્તાન, ગુલશન, બાગ, ઉપવન |
| અરજ | વિનંતી, વિનવણી, પ્રાર્થના, આજીજી, બંદગી, ઈબાદત, અરજી, અર્ચના |
| ભપકો | ઠાઠ, દમામ, ઠસ્સો, ઠઠારો, શોભા, શણગાર, દબદબો |
| સેના | લશ્કર, સૈન્ય, કટક, ફોજ, દલ, દળ |

| | |
|---|---|
| ઝાકળ | શબનબ, ઓસ, ઠાર, હેમ, તુષાર |
| ઝઘડો | બબાલ, લડાઈ, જંગ, તકરાર, કલહ, કજીયો, કંકાસ |
| કાપડ | વસ્ત્ર, અંબર, પટ, ચીર, પરિધાન, લૂંગડું, વાઘાં, કપડાં |
| સફેદ | ધવલ, શુક્લ, શ્વેત, શુભ્ર, શુચિ, વિશદ ,ઉજળું, ગૌર |
| વૃક્ષ | તરૂ, ઝાડ, તરુવર , દ્રુમ, દરખ્ત |
| અંધારું | તમસ, વદ, તિમિર, અંધકાર, કાલિમા |
| પુત્ર | દીકરો, વત્સ, બેટો, છોકરો, ગગો |
| પુત્રી | દીકરી, ગગી, છોકરી, બેટી, કન્યા |
| ફૂલ | પુષ્પ, કુસુમ, ગુલ, સુમન, પ્રસૂન |

| | |
|---|---|
| વિદ્યાર્થી | શિષ્ય, શિક્ષાર્થી, અભ્યાસી, છાત્ર |
| શિક્ષક | ગુરુ, અધ્યાપક, માસ્તર |
| પશુ | ઢોર, જાનવર, જનાવર, તૃણચર, ચોપગું, પ્રાણી |
| સિંહ | વનરાજ, કેસરી, હરિ, શેર, સાવજ |
| વાઘ | વ્યાઘ્ર, શેર, શાર્દુલ, સાવજ |
| અશ્વ | ઘોડો, તોખાર, તેજી, ઘોટક, તુરંગ, હય, વાજી |
| ગધેડો | ખર, ગર્દભ, ખોલકું, વૈશાખનંદન |
| દુઃખ | વેદના, પીડા, દર્દ, વ્યાધિ, વ્યથા, લાય, બળતરા, કષ્ટ |
| તકલિફ | આપત્તિ, વિપત્તિ, આપદા, મોકાણ, મુશ્કેલી |

| | |
|---|---|
| સોનું | હેમ, સુવર્ણ, કંચન, કુંદન, કનક |
| સરસ્વતી | શારદા, ભારતી |
| કોમળ | મુલાયમ, મૃદુ, કોમલ, મંજુલ, નાજુક, ઋજુ |
| બોડ | ગુફા, બખોલ |
| સાપ | સર્પ, ભૂજંગ, નાગ, ભોરિંગ, ફણીધર, ફણી |
| હાથી | ગજ, વારણ, માતંગ, ઐરાવત |
| મહાદેવ | મહેશ, આશુતોષ, ઉમાપતિ, નીલકંઠ, રુદ્ર, શંકર, શિવ, ઉમેશ, શંભુ, ચંદ્રમૌલી, યોગેશ, ભોળાનાથ |
| વાંદરો | વાનર, કપિ, હરિ, શાખામૃગ, મર્કટ, લંગૂર, કપિરાજ |
| હરણ | મૃગ, સારંગ |

| | |
|---|---|
| શરીર | દેહ, કાયા, ઘટ, ખોળિયું, તન, બદન, ડિલ, પંડ, પિંડ, કલેવર, જીસ્મ |
| મોર | મયૂર, કલાપી, નીલકંઠ |
| ખજાનો | ભંડાર, કોશ, કોઠાર, વખાર, ગોડાઉન |
| બુદ્ધિ | પ્રજ્ઞા, ચેતના, મતિ, અક્કલ, મેઘા, મનીષ, સમજ, મતિ, ડહાપણ, દક્ષતા, મનીષા, જ્ઞાન |
| બાળક | શિશુ, બચ્ચું, બાલ, સંતતિ, છોકરું, સંતાન |
| સરોવર | સર, તળાવ, જળાશય, પોખર |
| આગ | અનલ, આતશ, પાવક, દેવતા, અગ્નિ, અંગાર |
| ચહેરો | મુખ, વદન, શકલ, મુખારવિંદ, દીદાર, મુખમુદ્રા, સૂરત, સિકલ, મોઢું |
| મસ્તક | મસ્તિક, માથું, શિર, શીર્ષ, સિર, મસ્તિષ્ક |

| | |
|---|---|
| જીભ | જિહવા, રસના, જીભલડી, જીભડી, લૂલી, બોબડી |
| હોશિયાર | બુદ્ધિમાન, દક્ષ, ચાલાક, ચતુર, કાબેલ, કુશળ, નિપુણ, બાહોશ, ચપળ, પ્રવીણ |
| હોશિયારી | ચાલાકી, ચતુરાઈ, પટુતા, કાબેલિયાત, કુશળતા, નિપુણતા, બાહોશી, ચપળતા, પ્રાવીણ્ય |
| શક્તિ | તાકાત, સામર્થ્ય, જોર, જોમ, મગદૂર, હિંમત, દેન, કૌવત, બળ |
| નસીબદાર | નસીબવંત, ભાગ્યવાન, ભાગ્યશાળી, નસીબવાન, ખુશનસીબ |
| બળવાન | તાકાતવાન, શક્તિમાન, સબળ, સમર્થ, બળકટ, જોરાવર, ઘરખમ, ભડ, શક્તિશાળી |
| સુંદર | મોહક, રૂપાળું, રૂપવાન, રમ્ય, રમણીય, કાન્ત, ખૂબસુરત, જમાલ, મનોહર, હસીન, લલિત, ચારુ |
| બહાદુર | જવાંમર્દ, શૂરવીર, હિંમતવાન, ભડવીર, સાહસિક |
| નદી | સરિતા, લોકમાતા |

| | |
|---|---|
| આનંદ | હર્ષ, ખુશી, વિનોદ, હરખ, મજા, મઝા, પ્રમોદ, ખુશાલી, મોજ, ઉલ્લાસ, રંજન, લહેર |
| ચિંતા | દુઃખ, અજંપો, ઉચાટ, મૂંઝવણ, ઉદ્વેગ, વિષાદ |
| કમજોર | દુર્બળ, નબળું, પાંગળું, નમાલું, નિર્બળ |
| ભગવાન | પરમાત્મા, હરિ, અંતર્યામી, પરેશ, કિરતાર, ઈશ્વર, સર્જનહાર, ઈશ, જગદીશ, દીનાનાથ, પ્રભુ |
| પવન | હવા, વાયુ, વા, વાયરો, સમીર, અનિલ |
| ચંદ્ર | શશાંક, સુધાકર, મયંક, શશી, ચાંદો, હિમાંશુ, સોમ, રજનીશ, રાકેશ, ઈન્દુ, ચાંદલિયો |
| હોડી | નાવ, હોડકું, નૌકા, મછવો, બેડલી, પનાઈ, નૈયા, કિશ્તી, નાવડી, તરણી |
| સવાર | પ્રભાત, પરોઢ, મળસકું, પ્રાગટ, ઉષા, પ્રાત:કાળ |
| અભિમાન | ઘમંડ, મગરૂર, તુમાખી, અહંકાર, ગુમાન, ગર્વ, મદ |

| | |
|---|---|
| લાઈન | પંક્તિ, કતાર, હાર, હરોળ, લીટી, પંગત, ધારા, લકીર, લેખા, અલગાર, શ્રેણી, લંગાર, રેખા |
| સ્ત્રી | મહિલા, વનિતા, નારી, લલના, અંગના, ભામા, ઓરત, કામિની |
| ભેટ | ઈલકાબ, શરપાવ, ઈનામ, પારિતોષિક, પુરસ્કાર, બક્ષિસ, ઉપહાર, સોગાદ, સન્માન, બદલો, ખિતાબ |
| ઘરેણા | આભૂષણ, ઝવેરાત, દાગીના, જણસ, અલંકાર |
| ઢગલો | પુંજ, ખડકલો, ઢગ, સમૂહ, અંબાર |
| ગરીબ | રંક, દીન, કંગાળ, નિર્ધન, ધનહીન |
| સમૂહ | સંઘ, સમુદાય, વણઝાર, કારવાં, પલટન, ટોળું, વૃંદ, ગણ, કાફલો |
| જિજ્ઞાસા | કુતૂહલ, આતુરતા, તાલાવેલી, તલવલાટ, તલસાટ |
| ધૂળ | રેતી, રજ, વેળુ, કસ્તર, રજોટી, રજકણ, કરકર |

| | |
|---|---|
| તફાવત | ભેદ, ફરક, ભિન્નતા, જુદાપણું, નિરાળું, અસમાનતા, વિવિધતા, નોખાપણું |
| કારણ | હેતુ, મકસદ, ઉદ્દેશ, ઈરાદો, મતલબ, નિમિત્ત, પ્રયોજન, ઉદ્દેશ્ય |
| મજાક | ટીખળ, ચાપલૂસી, ખુશામત, મશ્કરી, ઠેકડી |
| વિજય | જય, ફતેહ, સફળતા, કામયાબી, સિદ્ધિ, જીત |
| પરાજય | હાર, પરાસ્ત, અપજય, રકાસ, શિકસ્ત |
| વંદન | નમન, નમસ્કાર, પ્રણામ, જુહાર, સલામ, તસ્લીમ |
| તવંગર | શ્રીમંત, ધનવાન, માલદાર, પૈસાદાર, અમીર, આબાદ, ધનિક, માલેતુજાર, ધનાઢ્ય |
| મશગુલ | લીન, મગ્ન, એકાગ્ર, ઓતપોત, ચકચૂર, તલ્લીન, મસ્ત, તન્મય |
| મગજ | ભેજું, દિમાગ |

| | |
|---|---|
| પતિ | ધણી, સ્વામી, ભર્તા, રમણ, ખસમ, કંથ, જીવણ, વલ્લભ, નાથ, ભરથાર, વર |
| પત્ની | વહુ, ધણીયાણી, જીવનસંગિની, અર્ધાંગના, સૌભાગ્યવતી, વધૂ, શ્રીમતી, ગૃહલક્ષ્મી, વલ્લભા |
| મરણ | અવસાન, મોત, નિધન, સ્વર્ગવાસ, અક્ષરનિવાસ, મૃત્યુ |
| નોકર | દાસ, ચાકર, અનુચર, સેવક, હજુરિયો, પરિચારિક |
| છાપું, | અખબાર, વર્તમાનપત્ર, સમાચારપત્ર, સમાચારપત્રિકા |
| વિચાર | ધારણા, ઈરાદો, મનસૂબો, મકસદ, કલ્પના, ઉત્પેક્ષા, હેતુ, આશય, ખ્યાલ, મત, અભિપ્રાય, અભિગમ |
| મિત્ર | ભાઈબંધ, રફીક, સખા, દોસ્ત, સહચર, ભેરૂ, રઝાક, સાથી, ભિલ્લુ, ગોઠીયો |
| ભક્તિ | ઉપાસના, સ્તુતિ, ઈબાદત, પૂજન, આરાધના, અર્ચના, પ્રાર્થના, પૂજા |
| ઉત્તમ | શ્રેષ્ઠ, ચુનંદા, પરમ, અનુપમ, સર્વોત્તમ, બેનમૂન, સરસ, અજોડ, અદ્વિતીય, ઉત્કૃષ્ઠ, અપ્રતિમ |

| | |
|---|---|
| બળ | તાકાત, જોમ,હિંમત, કૌવત, તૌફીક |
| ધજા | પતાકા, ધ્વજ, વાવટો, ઝંડો, કેતન |
| વીજળી | વિદ્યુત, વીજ, દામિની, રોહિણી, ઉર્જા |
| વિવાહ | લગ્ન, પરિણય, શાદી, પાણિગ્રહણ, વેવિશાળ |
| પાગલ | ગાંડું, ગમાર, બેવકૂફ, મૂર્ખ, ઘેલું, બુડથલ, જડભરત, ઠોઠ |
| ગણેશ | ગણપતિ, વિનાયક, ગજાનંદ, લંબોદર, ગૌરીસુત, એકદંત |
| પાર્વતી | ગિરિજા, ગૌરી, દુર્ગા, અંબિકા, ભવાની, સતી, શિવાની, ઉમા |
| ભરોસો | યકીન, પ્રતીતિ, વિશ્વાસ, ખાતરી, શ્રદ્ધા, મદાર, આસ્થા, ઈતબાર |
| વિવેક | નમ્રતા, સભ્યતા, ડહાપણ, વિનય, સાલસતા, અદબ, મર્યાદા, સમજણ, મલાજો |

| | |
|---|---|
| દુશ્મન | રિપુ, અમિત્ર, વેરી, શત્રુ, અરિ |
| લક્ષ્મી | ઈન્દિરા, શ્રી, અંબુજા |
| ઈચ્છા | કામના, મનીષા, મહેચ્છા, સ્પૃહા, તૃષ્ણા, વાસના, આકાંક્ષા, મરજી |
| કબુતર | કપોત, શાંતિદૂત, પારેવું, પારેવડું |
| વાંસળી | મોરલી, બીન, બંસરી, પાવો, વેણું |
| સમય | વખત, કાળ, મોસમ, સંજોગ, નિયતિ |
| વ્યવસ્થા | સંચાલન, તજવીજ, પેરવી, ગોઠવણ, યુક્તિ, બંદોબસ્ત |
| અરીસો | દર્પણ, આયનો, આરસી |
| ઝેર | વિષ, ગરલ, સોમલ, વખ, હળાહળ |

| | |
|---|---|
| દરદી | બિમાર, માંદુ, રોગી, મરીઝ |
| ચંપલ | પગરખાં, જૂતાં, જોડાં |
| વીરતા | બહાદૂરી, શૂરાતન, શૌર્ય, પરાક્રમ |
| આજ્ઞા | હુકમ, નિર્દેશ, ફરમાન, તાકીદ, આદેશ |
| આમંત્રણ | દાવત, ઈજન, નોતરૂં, નિમંત્રણ, સંદેશો |
| સ્વભાવ | પ્રકૃતિ, તાસીર, લક્ષણ |
| સ્મશાન | અક્ષરધામ, મશાણ, કબ્રસ્તાન |
| મીઠું | શબરસ, નમક, લુણ, ક્ષાર, લવણ |
| કાવ્ય | પદ્ય, કવિતા, નજમ, કવન |

| | |
|---|---|
| તમાચો | લપડાક, થપ્પડ, ઝાપોટ, ધોલ, ધુંબો, લાફો |
| મૃત્યું | મોત, નિધન, સ્વર્ગવાસ, મરણ, કૈલાસવાસ, વૈકુંઠવાસ, અવસાન |
| આશા | ઉમેદ, અભિલાષા, ઈચ્છા, મહેચ્છા, આકાંક્ષા, કામના, તમન્ના, મનોરથ, અપેક્ષા, લાલસા, અરમાન, તૃષ્ણા |
| ભયંકર | ભીષણ, ભયાનક, દારૂણ, ક્રૂર, કરપીણ, ઘોર, વિકરાળ |
| રાજા | નરેશ, ભૂપ, રાય, મહિપાલ, નરપતિ, રાજન, નૃપ, બાદશાહ, ભૂપાલ |
| રિવાજ | પ્રથા, રસમ, રૂઢી, ધારો, પ્રણાલી, પરંપરા, પ્રણાલિકા, શૈલી, તરીકો, રીત |
| પગાર | દરમાયો, વેતન, મહેનતાણું, મળતર |
| કુશળતા | કૌશલ્ય, પ્રવીણતા, દક્ષતા, પટુતા, નિપુણતા, આવડત, કારીગરી, કુનેહ |
| પિતા | બાપ, વાલી, જનક, તાત, જન્મદાતા |

| | |
|---|---|
| શરૂઆત | પ્રારંભ, મંડાણ, પગરણ, આરંભ, આદ્ય, પહેલ |
| ગુસ્સો | કોપ, ક્રોધ, રોષ, ખીજ, ચીડ, અણગમો, આવેશ, ખોફ, ખોપ, ખિજવાટ |
| દીવો | ચિરાગ, બત્તી, દીપક, પ્રદીપ, દીપ |
| સારવાર | ઈલાજ, ઉપચાર, ઉપાય, સેવા, સંભાળ, માવજત |
| જાસૂસ | દૂત, ખેપિયો, ગુપ્તચર, કાસદ, બાતમીદાર |
| માર્ગદર્શક | ભોમિયો, ગાઈડ, પથદર્શક, સલાહકાર |
| ખાનગી | ગુપ્ત, અંગત, છાનું, પોતીકું |
| કપાળ | લલાટ, ભાલ |
| પરીક્ષા | પરખ, કસોટી, મૂલ્યાંકન, ઈમ્તિહાન, તપાસ, તારવણી |

| | |
|---|---|
| અચરજ | વિસ્મય, આશ્ચર્ય, નવાઈ, અચંબો, હેરત |
| મંદિર | નિકેતન, દેવાલય, દેરું, દેવળ |
| દૂધ | ક્ષીર, દુગ્ધ, પય |
| માતા | જનની, જનેતા, મા, મૈયા, બા, માવડી |
| પ્રેમ | સ્નેહ, હેત, રાગ, પ્રીતિ, મમતા, વહાલ, નેડો, ચાહ, વાત્સલ્ય |
| અનુગ્રહ | કૃપા, દયા, કરુણા, મહેરબાની, મહેર, અનુકંપા |
| પવિત્ર | પાવન, પનોતું, શુચિ, નિર્મલ, શુદ્ધ, ચોખ્ખું, સ્વચ્છ, વિમળ, પુનીત |
| શિખામણ | બોધ, સલાહ, ઘડો, સબક, ઉપદેશ, શિક્ષા, જ્ઞાન |
| લાગ | અવસર, તક |

| | |
|---|---|
| કાયમ | શાશ્વત, લગાતાર, હંમેશાં, નિરંતર, સતત, નિત્ય, સનાતન |
| લાચાર | પરવશ, પરાધીન, મજબૂર, વિવશ |
| લોહી | રક્ત, રુધિર, શોણિત, ખૂન |
| નફો | લાભ, ફાયદો, ઉપજ, મળતર, પેદાશ, બરકત |
| આભાર | ઉપકાર, પાડ, અહેસાન, કૃતજ્ઞતા |
| માર્ગ | રસ્તો, પંથ, રાહ, ડગર, વાટ, સડક, પથ |
| સીમા | હદ, મર્યાદા, અવધિ, સરહદ |
| તસવીર | ફોટો, છબી, છાયા, પ્રતિકૃતિ |
| પ્રતિજ્ઞા | સોગંધ, કસમ, નિયમ, માનતા, ટેક, બાધા |

# ધોરણ – ૧થી ૫ માટે ખૂબ જ ઉપયોગી
# વિશેષ સંપાદનો – પીડીએફ (ફ્રી)

૧. બાળગીત સંગ્રહ :ગુજરાતી/હિન્દી/અંગ્રેજી ભાષાનાં જાણીતાં અને ગાઈ શકાય તેવાં ૧૨૫થી વધારે બાળગીતોનું ચિત્રો સાથે સંકલન

૨. ઉખાણાં સંગ્રહ :૪૦૦થી વધારે ઉખાણાંનો સંગ્રહ

૩. જોડકણાં સંગ્રહ : ગાવાં ગમે તેવાં જોડકણાંનો સંગ્રહ

૪. પર્યાવરણપુષ્પ :ધોરણ ૩ થી ૫નાં બાળકોના પર્યાવરણના જ્ઞાનને સમૃદ્ધ કરતી પુસ્તિકા

૫. EASY ENGLISH –બાળકોને જાતે અંગ્રેજી શીખવા માટે

૬. ધોરણ ૩ થી ૫ : ગણિત TLM BOOK

૭. વાચનવેલ – વાચન શીખવવા ઉપયોગી પુસ્તિકા (પ્રસિદ્ધ)

૮. વાચનપુષ્પ – ૧ (ધોરણ – ૧ માટે)

૯. વાચનપુષ્પ – ૨ (ધોરણ – ૨ માટે)

૧૦. શબ્દસૌરભ – વાચન સાથે લેખન મહાવરા માટે

૧૧. ગણિત ગૃહકાર્ય – ધોરણ ૩ થી ૫ માટે બેઝીક મહાવરો

૧૨. સમાનાર્થી શબ્દપોથી – સમાનાર્થી શબ્દોના મહાવરા માટે

૧૩. સામાન્ય જ્ઞાન ગુજરાત – ગુજરાતની જાણવા જેવી માહિતી

**ઉપરના તમામ સાહિત્યની ફ્રી પીડીએફ મેળવવા માટે**

**લેખક / સંપાદક**

**રાજેશકુમાર એસ. પટેલ**


**મદદનીશ શિક્ષક**

**નવાપુરા પ્રાથમિક શાળા**

**તા. ખંભાત જિલ્લો: આણંદ**

**M. 9624259200**

# વાચનપુષ્પ ભાગ ૧ થી ૧૦ – પ્રકાશિત થઈ ગયેલ છે.





**૩૨– ૩૨ રંગીન પેજ ધરાવતી ૧૦ પુસ્તિકાઓ, કુલ પેજ ૩૨૦**

**૧ થી ૧૦ ભાગના ૧ સેટની કિંમત માત્ર ૧૩૦ રૂપિયા**

## ગુજરાતના કોઈ પણ શહેરમાં કુરિયર ફ્રી

# લેખનનો મહાવરો આપતું સ્વપ્રકાશિત પુસ્તક




**૧૩૨ પેજ – કિંમત માત્ર ૪૫ રૂપિયા**

**૧૦ કે તેથી વધારે નકલ માટે ગુજરાતના કોઈ પણ શહેરમાં કુરિયર ફ્રી**

# લેખક / સંપાદક પરિચય



નામ : રાજેશકુમાર એસ. પટેલ

વ્યવસાય : પ્રાથમિક શિક્ષક

શાળા : નવાપુરા પ્રાથમિક શાળા

તાલુકો : ખંભાત જિલ્લો : આણંદ

વિશેષ કામગીરી : સ્ટેટ પ્રજ્ઞા કોર ટીમ સભ્ય

લાયકાત : પી.ટી.સી. (૧૯૮૯) બી.એ. (૨૦૧૬)

વિશેષ : HTAT પાસ ૨૦૧૭ – ૧૧૯ ગુણ (રાજ્યમાં પ્રથમ)

જન્મ તારીખ: ૨૪/ ૧૧/ ૧૯૭૧

વતન : રામનગર તા. દહેગામ. જિલ્લો: ગાંધીનગર

રહે. : ખંભાત, જિલ્લો: આણંદ M. 9624259200

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ ગામે ૪/૦૩/૧૯૯૧ના રોજ પ્રાથમિક શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર શ્રી રાજેશકુમાર એસ. પટેલ હાલમાં આણંદ જિલ્લાના ખંભાત તાલુકાની નવાપુરા પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહેલ છે. તેઓએ ૧/૬/૨૦૦૨થી ૧૧/૦૪/૨૦૧૭ સુધી સી.આર.સી. કો ઓર્ડિનેટર તરીકે અને ૨૦૧૧માં બી.આર.સી. કોઓર્ડિનેટર તરીકે પણ કામ કરેલ છે. ૨૦૧૭માં લેવાયેલ HTATની પરીક્ષા સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે પાસ કરેલ છે. વળી "વર્ગ એ જ મારું સ્વર્ગ" અને "હું પ્રાથમિક શાળાનો શિક્ષક છું, પ્રાથમિક કક્ષાનો નહિં."”તેવા ઉચ્ચ વિચારને વરેલ તેઓએ જૂન ૨૦૧૧થી એપ્રિલ ૨૦૧૭ સુધી આણંદ જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ પેડાગોજી કોઓર્ડિનેટર તરીકે પણ વિશેષ કામગીરી દ્વારા શિક્ષણની ગુણવત્તા સંદર્ભે કામગીરી કરેલ છે. ૨૦૧૦થી પ્રજ્ઞા સ્ટેટ કોર ટીમના સભ્ય તરીકે ધોરણ ૧ થી ૫ પ્રજ્ઞામાં ગણિત વિષયમાં લેખક તરીકે કામગીરી પણ કરેલ છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાના તજ્ જ્ઞ તરીકેની કામગીરી સાથે વિવિધ તાલીમ સાહિત્ય નિર્માણ અને સમીક્ષા કામગીરીમાં પણ સક્રિય રહ્યા છે. આણંદ જિલ્લામાં પ્રજ્ઞા અભિગમના માર્ગદર્શન અને અમલીકરણ માટે પણ તેઓ હંમેશાં પ્રયત્નશીલ રહ્યા છે.

સતત નૂતન સાહિત્ય સર્જન એ એમનો ખાસ શોખ રહ્યો છે. EASY ENGLISH, વાચનપુષ્પ–૧, વાચનપુષ્પ–૨, પર્યાવરણપુષ્પ, બાળગીતપોથી, ઉખાણાંબુક, જોડકણાંબુક, MATHS TLM, શબ્દસૌરભ, સ્વતંત્ર લેખન, ગણિત ગૃહકાર્ય, જનરલ નોલેજ (ગુજરાત) વગેરે જેવાં ઉપયોગી સંપાદન/સર્જન તેઓ આપી ચૂક્યા છે. વાચન અને લેખન મહાવરા માટે અત્યંત ઉપયોગી તેમનાં ૧૨ પુસ્તકો પ્રકાશિત થઇ ચૂક્યાં છે. વાચનવેલ ઈન્કા પ્રકાશન, અમદાવાદ દ્વારા અને વાચનપુષ્પ ભાગ ૧ થી ૧૦ અલંકાર પબ્લિકેશન, ભાવનગર દ્વારા પ્રકાશિત થતાં સમગ્ર રાજ્ય માટે ઉપલબ્ધ છે, જ્યારે લેખન મહાવરા માટે અત્યંત ઉપયોગી શબ્દસૌરભ જાતે જ પ્રકાશિત કરેલ છે. સ્વપ્રકાશિત વાચનવેલ અને શબ્દસૌરભ પુસ્તકોની ૧૦ હજારથી વધારે નકલ પડતર ભાવે હાથોહાથ વેચાઈ ચૂકી છે. ૨૦૧૮માં તેઓ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક એવૉર્ડ અને નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત થયેલ છે. તેઓ હંમેશા હકારાત્મક રહી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત રહેલ છે. સરળ સ્વભાવ અને સૌને મદદરૂપ થવાની ભાવનાને કારણે તેઓ શિક્ષકોમાં ખૂબ જ લોકપ્રિય રહ્યા છે.